# વડગામમાં કલેકટરના જાહેરનામાનો સરેઆમ ભંગ

## બે રોકટોક વાહનો અને લોકોની ભારે અવર જવર : આવશ્યક ચીજ-વસ્તુઓની દુકાનો ઉપર લોકોની ભીડ : સોશિયલ ડીસ્ટન્સનનો અભાવ

વડગામ, તા. ૮ વડગામ શહેરમાં કલેકટરના જાહેરનામાનો સરેઆમ ભંગ જોવા મળી રહ્યો છે. વાહનો અને લોકોની ભારે અવરજવર રોડ ઉપર તેમજ દુકાનો ઉપર જોવા મળી રહી છે.

વડગામ ખાતે સવારથી જ વાહનોની ભારે અવરજવર થઈ રહી છે સાથે સાથે લોકો પણ ખુલ્લેઆમ રોડ ઉપર તેમજ દુકાનો ઉપર જોવા મળી રહ્યા છે. દુકાનો અને મોલ ઉપર વેપારીઓ માત્ર રૂપિયા કમાવવામાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. લોકો વચ્ચે શોસિયલ ડીસ્ટન્સન પણ જાળવવા માં આવતો નથી. કલેકટરના ૧૪૪ ના જાહેરનામાનો સરેઆમ ભંગ થઈ રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. વડગામ બસસ્ટેન્ડથી સરકારી દવાખાના જવાના માર્ગ ઉપર વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. ખુલ્લેઆમ વાહન ચાલકો બેરોકટોક અવરજવર પણ કરી રહ્યા છે. વડગામ બેન્ક ઓફ બરોડામા લોકો દ્વારા જનધન યોજના હેઠળના લાભાર્થીઓ તેમજ પેન્શનરો નાણાં ઉપાડવા પડાપડી કરાઈ હતી. લોકો દ્વારા હોબાળો મચાવતા બેન્કના સત્તાધીશોને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. વડગામ પી.એસ.આઈ. સ્ટાફ સાથે દોડી આવીને બરોડા બેન્ક આગળ લોકોની ભારે ભીડને દુર કરીને પોલીસના પ્રયત્નો થકી શોસ્યેલ ડીસ્ટેન્સન જાળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. સવારે આડેધડ દોડતા વાહનો ઉપર રોક લગાવવામા આવે તેવી માંગ પણ સમજુ લોકોમાંથી ઉઠવા પામી છે.








## મોડાસામા સેનેટાઈજરની કામગીરી ચોક્કસ વિસ્તારો પુરતી સીમીત

કોવીડ૧૯ કોરોનાએ વિશ્વભરમાં અજગરી ભરડો લીધો છે, હજારો લોકોનો ભોગ લીધો છે. આપણા દેશમાં કોરોના વાયરસને નાથવા સરકાર દ્વારા જુદા જુદા પયત્નો હાથ ધરવામા આવી રહ્યા છે. કોરોના વાયરસને મારવા દવા છંટકાવજેવી કામગીરી કરી સેનેટાઈજરકરવામા આવી રહ્યા છે. મોડાસા નગરપાલિકા દ્વારા કેટલાક ચોક્કસ વિસ્તારોમાં દવાથી ફલીમીંગ કરવામા આવી રહ્યુ છે. ત્યારે મોડાસાના બાકી રહેતા અન્ય વિસ્તારોમા સેનેટાઈજરની કામગીરી કરવામાં આવે તેવી માંગ.

# વડગામના મુમનવાસમાં પંચાયત દ્વારા તમામ રસ્તાઓ લોકડાઉન કરાયા

## બહારથી આવતા લોકો અને વાહનોને સદંતર બંધ કરાયા

વડગામ, તા. ૮ વડગામ તાલુકાના મુમનવાસ ગામમાં પંચાયત અને ગ્રામજનો દ્વારા બહારથી આવતા લોકો તેમજ બહારના વાહનો ગામમાં ન પ્રવેશવા ઉપર તેમજ ગામ લોકોને પણ રસ્તાઓ ઉપર ન ફરવા ગામના રસ્તાઓ લોક ડાઉન કરી દેવાયા છે.



વડગામ તાલુકાના મુમનવાસ ગામના મહિલા સરપંચ શકીનાબેન અશરફભાઈ મોકણોજીયા, ડે. સંરપચ ઈસ્માઈભાઈ સુલેમાનભાઈ, તલાટી ગોવિંદભાઈ ચૌધરી, તથા ગામના સામાજિક અગ્રણી અશરફભાઈ મોકણોજીયા, રસુલભાઈ ફૌજી તેમજ ગ્રામજનો દ્વારા કોરોનાના સંકટે ગામ લોકોની સેફ્ટીને લઈ અને સરકારના વહીવટી તંત્રને સહયોગ આપવા ગ્રામજનો દ્વારા જ ગામના રસ્તાઓ બંધ કરીને ગામમાં બહારના લોકો તેમજ વાહનોને પ્રવેશવા ઉપર પાબંદી લગાવાઈ છે.

કોરોનાના વધતા દર્દીઓને લઈને સરકાર ભારે અવઢવમાં મુકાઈ રહી છે. વહીવટીતંત્ર રાત દિવસ ઉજાગરા કરીને લોકડાઉનને અમલ કરાવવા પ્રયત્નો કરાવાઈ રહ્યા છે. છતા પણ કેટલાક લોકો અવનવા બહાના બતાવીને બહાર ફરતા રહ્યા છે. ગામડાઓમાં પણ લોકો ટોળે વળી રહ્યા હોવાના વાવડ મળી રહ્યા છે. ત્યારે મુમનવાસ ગ્રામપંચાયત તેમજ ગ્રામજનો સાથે મળીને ગામ લોકોની ચિંતા કરીને ગામમાં બહારના કોઈપણ વ્યકિતને પ્રવેશવા ન દેવા પર પાબંદી લગાવીને રસ્તાઓ લોકડાઉન કરીને વહીવટી તંત્રને મદદરૂપ બનવા પ્રયત્નો કરાયા છે.

# ડીસામાં મહાલક્ષ્મી મેડીકલ વિરૂદ્ધ પાલિકાની સખત કાર્યવાહી




ડીસા, તા. ૮ ડીસામાં ચોવીસ કલાક ખુલ્લી રહેતી એક મેડિકલ ઉપર લોકડાઉન દરમિયાન કાયદાનું પાલન ના કરવા મામલે ડીસા પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસામાં ફુવારા સર્કલ નજીક આવેલી મહાલક્ષ્મી મેડિકલના સંચાલકો દ્વારા લોકડાઉનમાં કલેકટરનું જાહેરનામું અમલી હોઈ તે સમયગાળા દરમિયાન સોમવારે મેડિકલ આગળ મોટી સંખ્યામાં લોકોનું ટોળું ભેગું કરવા ઉપરાંત સોસીયલ ડિસ્ટનશનું પણ પાલન કરવામાં આવતું ન હતું તેમજ દુકાનની અંદર પણ પાંચથી વધુ માણસ ભેગા કરવા સહિત વિવિધ ફરિયાદોના પગલે નગર પાલિકા ચીફ ઓફિસર અને મામલદાર દ્વારા તાત્કાલિક ધોરણે મેડિકલ બંધ કરાવી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ બાબતે પાલીકા ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીએ જણાવ્યું હતું કે હાલમાં કોરોના વાયરસ વચ્ચે સરકાર દ્વારા લોકડાઉન અપાયું હોવા છતાં મહાલક્ષ્મી મેડિકલના સંચાલકો સોસીયલ ડિસ્ટનશ તેમજ કલમ ૧૪૪નો ભંગ કરવા મામલે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી ખુલાસો માંગવામાં આવેલ છે.

# કોરોનાના કહેરમાં વીમા સુરક્ષા કવચ આપવા પંચાયતકર્મીઓની માંગ

## આરોગ્ય તેમજ સફાઈ કર્મચારીઓની જેમ જ ગ્રાપંચાયતના કર્મચારીઓ કાર્ય કરી રહ્યા છે

સમગ્ર દેશમાં કોરોના વાઈરસે કહેર મચાવ્યો છે. ત્યારે કોરોનાને હરાવવા માટેની લડાઈમાં જે સફાઈ કર્મચારીઓ, આરોગ્ય કર્મચારીઓ સહિતના કર્મચારીઓને સરકાર દ્વારા જો કોરોનાના સંક્રમણથી મોત થાય તો ૨૫ લાખનું વીમા કવચ આપ્યું છે. ત્યારે પંચાયતકર્મીઓ દ્વારા પણ કોરોના સામેની લડાઈમાં ખભે ખભા મીલાવીને કામ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવી પંચાયતકર્મીઓને પણ વીમા કવચ આપવા માટે સરકારમાં રજૂઆત કરી હતી.

ગુજરાત રાજ્ય તાલુકા વિકાસ અધિકારી સંવર્ગ-૨ એસોશીયેશન દ્વારા સરકાર દ્વારા ૨૫ લાખનું વીમા સુરક્ષા કવચ આપવા માટે માંગ થઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લા એસોશીયેશને પણ પંચાયતકર્મીઓને વીમા સુરક્ષા કવચ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે કોરોના મહામારી સામે લડવા માટે રાજ્ય સરકારના તમામ પગલાંને ગ્રામ્યકક્ષાએ અમલી બનાવવા માટે પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ પ્રતિબધ્ધ અને કટિબધ્ધ છે. કોરોના સામેની લડાઈની તમામ કામગીરી પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ કુટુંબની પરવા કર્યા વગર અને જીવના જોખમે કામ કરી રહ્યા છે.

ત્યારે રાજ્ય સરકાર પણ તેઓની પડખે ઉભી રહે તેવી અપેક્ષા છે. પોલીસ અને આરોગ્યના કર્મચારીઓને કોરોનાની મહામારીમાં કામગીરી કરતાં મૃત્યુ થાય તેવા કિસ્સામાં ૨૫ લાખનું વીમા કવચ પુરુ પાડવામાં આવનાર છે તેવી જ રીતે પંચાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓને પણ આ મુજબનું વીમા કવચ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.



## ખેડબ્રહ્મામાં પ્રથમ વાર ચૈત્રી પૂનમે મેળો બંધ, મંદિર પરિસર સંપુર્ણ ખાલી ખમ્મ

સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિર આટલા વર્ષોમાં પ્રથમ વાર પૂનમે બંધ રહ્યું હતું. ચૈત્રી પૂનમે મોટી સંખ્યમાં લોકો દર્શને આવતા હોય છે. પણ પ્રથમ વાર કોઈ દર્શનરથી આવેલ ન હતો મંદિર પરિસરમાં હજારોની મેદાની અને ઘણા વેપારીઓ આવતા હોય છે તે જગ્યા સંપૂર્ણ ખાલી જોવા મળતી હતી. મંદિરના મેનેજર ઘનશાયમસિંહ રહેવર ના જણાવ્યા અનુસાર દૂરદૂરથી આવતા લોકો માટે મંદિર ધ્વારા ઓનલાઈન આરતી દર્શનની વ્યવસ્થા કરવમાં આવેલ છે. પૂનમને લઈ ફકત મંદિરના ટ્રસ્ટીઓ હજાર રહી ધજા ચડાવી હતી.

# વડગામ તાલુકા વિકાસ અધિકારીની અટકાયત બાદ જામીન ઉપર મુક્તિ

વડગામ તાલુકા વિકાસ અધિકારી સામે એક મહિલા તલાટીને પોતાના મોબાઈલ ફોનમાં અવાર નવાર વોટ્સએપ મેસેજ કરી જો કામ નહીં થાય તો પગાર કાપી દેવામાં આવશે તેવી ધમકી આપવામાં આવતી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ટીડીઓની બુધવારે ધરપકડ કરી હતી. જોકે, બાદમાં જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા હતા.

# પ્રાથમિક શાળાના બાળકોના ફૂડ સિક્યુરિટીના રૂપિયા બેંક ખાતામાં જમા કરાવવા તાત્કાલિક આદેશ

ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કોરોના વાયરસના પગલે મધ્યાહ્ન ભોજન યોજના બંધ રહેતા પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ ચૂકવવાનો આદેશ થતા સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮ સુધી અભ્યાસ કરતા બાળકોને આચાર્ય અને વર્ગ શિક્ષકની સહી સાથે કુપન આપી ઘઉં, ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં અનેક જગ્યાએ સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા ત્યારે વધુ એકવાર પ્રાથમિક શાળાના બાળકોના ફૂડ સિક્યુરિટીની ૧૧ દિવસની રકમ ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકોને રૂ. ૫૪.૫૬ ૬ થી ૮માં અભ્યાસ કરતા બાળકોને ૭૪.૫૬ રકમ જે તે બાળક કે તેના વાલીના ખાતામાં તાત્કાલિક જમા કરાવવાના મધ્યાહ્ન ભોજન યોજનાના કમિશનરના પરિપત્ર થતા કેટલાક જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી કામગીરી કરવાના આદેશથી શિક્ષકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

દેશ અને ગુજરાતમાં લોકડાઉનમાં લોકો ફરજીયાત ઘરમાં પુરાઈ રહ્યા છે લોકડાઉનની અમલવારી કરાવવા પોલીસતંત્ર આકરા પાણીએ છે લોકડાઉનનો ભંગ કરનાર સામે શખ્ત કાર્યવાહી કરવા અને સરકારી કર્મચારી હોય તો ખાતાકીય પગલાં ભરવાની ચેતવણી આપવામાં આવી છે ત્યારે મધ્યાહ્ન ભોજન યોજના બંધ રહેતા પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ ચૂકવવાનો આદેશ થતા શિક્ષકોમાં ભારે દોડધામ મચી છે. બાળકોના બેંક ખાતામાં ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકોને રૂ.૫૪.૫૬ અને ધો.૬ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને ૭૪.૫૬ રકમ જમા કરાવવા જતા કોરોનાનો ભય સતાવી રહ્યો છે. હાલ સરકારની વિવિધ સહાયના પગલે બેંકોમાં ભારે ભીડ ઉમટી રહી છે. સરકાર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સલાહ આપી રહી છે ત્યારે બેંકોમાં બાળકોના ખાતામાં રૂપિયા જમા કરાવવાથી ભીડ વધુ એકત્રિત થવાની સંભાવના પેદા થઈ છે.

સરકારના પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સનું ચુકવણું બેંકમાં જમા કરાવવાના આદેશથી વાલીઓ માટે મૂંઝવણની સ્થિતિ જોવા મળી રહી છે લોકડાઉનની અમલવારીમાં બેંકમાં રકમ ઉપાડવા કઈ રીતે જવી સહિતના પ્રશ્નો ઉદ્દભવ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં સોશિયલ ડિસ્ટનના લીરેલીરા ઉડાડતા હોટસ્પોટ

દેશમાં લોકડાઉનના ૧૫માં દિવસે પણ લોકો કોરોનાને હરાવવા ઘરમાં પુરાઈ રહ્યા છે. કોરોનાને પ્રસરતો અટકાવવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા વારંવાર અપીલ કરવામાં આવી રહી છે અને લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં આવેલી બેંક, ખાતરના વિકેતાઓ, પોસ્ટ ઓફિસ, ગેસ એજન્સી અને કેટલીક દૂધ મંડળીઓમાં સોશ્યલ ડીસ્ટન્સના છેડેચોક ભંગ થઈ રહ્યો છે. સૌથી વધુ બેંકોમાં ગ્રાહકોની મોટી લાઈનો જોવા મળી રહી છે. સવારના સમયે આપવામાં આવતી છુટછાટના સમયે બેંકોમાં સોશિયલ ડિસ્ટન્ટની પરવા કર્યા વિના ગ્રાહકોની ભીડ જામે છે. જેને કારણે જાહેરનામાના ભંગ થતો નજરે પડે છે.



કોરોના વાયરસને લઈ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યુ છે. ત્યારે નાગરિકોને બજારમાંથી જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ લેવા માટે આંશિક છુટ આપવામાં આવી છે. આ સમયે વસ્તુઓ તો મળી રહે છે. પરંતુ નાગરિકોને રોકડ ખરીદી માટે પૈસાની તાતી જરૂરીયાત રહે છે. આ માટે સવારથી બેકોમાં રોકડ ઉપાડ માટેની લાઈનો જોવા મળે છે. જિલ્લાના વડામથક મોડાસા સહિત ભિલોડા અને બાયડ, અને તાલુકાની બેંકો બહાર આજ સ્થિતી જોવા મળી રહી છે. ઉનાળુ ખેતી માટે ખેડૂતો પણ કોરોનાની મહામારીમાં જીવન જોખમે ખાતર મેળવવા ધોમધખતા તાપમાં કતારોમાં જોવા મળી રહ્યા છે.

નિવૃત પેન્શરો એકથી ત્રણ તારીખની પેન્શન ગણતરી કરી આવનાર મહિનાનું આયોજન કરતા હોય છે. ત્યારે લોકડાઉનના સમયમાં આવા અનેક વૃધ્ધ પેન્શનરો, વિધવા સહાય આધારિત મહિલાઓ માટે રૂબરૂ બેંકના પગથિયા ઘસવા સિવાય કોઈ વિકલ્પ નથી. એટલે સવારથી બેંકની લાઈનોમાં પૈસા લેવા માટે ઉભા રહી જાય છે. આ બધા વચ્ચે લોકડાઉનના જાહેરનામાનો ભંગ કરી સોશ્યલ ડીસ્ટન્સ રાખવાને બદલે ભીડ કરે છે. વહીવટી તંત્ર દ્વારા આ સમસ્યાનો સત્વરે ઉકેલ આવે અને પેન્શરનો અને ગ્રાહકો નિયમોનું પાલન કરી સરળતાથી પોતાના પૈસા મેળવી શકે તેવી સુચારુ વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠી છે.




ભિલોડા તાલુકાના પાલ્લા ગામે ગ્રામીણ બેન્કમાં સરેઆમ લોકડાઉનનો ભંગ

અરવલ્લી જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં ભિલોડા તાલુકાના પાલ્લા ગામે દેના બેન્ક ગ્રામીણ માં ખૂબ જગ્યા હોવા છતાં સોસીયલ ડીસ્ટન્ટ જાળવવામાં આવતું નથી બેન્ક મોં આવતા ગ્રાહકોને બહાર તડકામાં મોટી મોટી લાઈનો જોવા મળી છે. કેન્દ્ર સરકારના દ્વારા જનધન ખાતામાં સરકારે બે બે હજાર રૂપિયા જમા થયેલા નાણાં લેવા માટે પડાપડીના દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે રાજ્ય સરકાર બેંકો આગળ મંડપ લગાવીને વૃદ્ધો અને મહિલાઓ માટે યોગ્ય વ્યવસ્થા અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટેના આદેશ કરે તે ખુબ જરૂરી બન્યું છે.

# કોવિડ૧૯ (કોરોના)ના કહેર વચ્ચે બાયડના યુવાનો ધ્વારા ઉમદા કાર્ય

સમગ્ર દેશ અને દુનિયા કોવિડ ૧૯ કોરોનાની મહામારીમા સપડાઈ છે ત્યારે રાષ્ટ્ર પ્રેમ સેવાની અભિવ્યક્તિ બાયડ નગરના ગાબટ રોડ પર જોવા મળી છે.

બાયડ નગરમા ગાબટ રોડ પર બાયડના યુવાનો ધ્વારા લોકડાઉંન પછી ઉભી થયેલ પરિસ્થિતમા મોટા શહેરોમાથી પલાયન થયેલ પંચમહાલના મજુરો ચાલતા ચાલતા બાયડ નગર વચ્ચે થઈ જતા બાયડના સેવાભાવી યુવાનોની નજરે ચઢતા જ તેમના માટે જમવાની વ્યવસ્થા કરવમાં આવી ત્યાર પછી તો આ લોકડાઉંન પછીનો રોજનો સિલસિલો થઈ ગયો હોઈ એમ અત્યાર સુધીમા લગભગ ૧૦૦૦૦ વ્યક્તિ ઓ ને ભોજન પુરુ પાડવામા આવ્યુ હતુને હાલમા પણ દરરોજ ૭૦૦થી ૮૦૦ માણસોને મફત ભોજન આપવામા આવે છે. તેમજ હોસ્પિટલમા દાખલ દર્દીઓ અને તેમની સાથેના સગાઓને કોઈપણ જાતના ભેદભાવ વગર અવિરત રીતે બન્ને ટાઈમ ભોજનની વ્યવસ્થા કરવામા આવે છે.

આ ઉમદા કાર્યમા બાયડ કરિયાણાના વેપારીયો અને અન્ય વેપારી મિત્રોનો સહકાર મળેલ છે. ખાસ આ સેવા કાર્યમા બાયડ નગરના યુવાનો પૈકી હંમેશની જેમ સેવા માટે તત્પર તેવા રાજન જોશી, નવનીત સોની, અતુલ પ્રજાપતિ, મિતેષ પટેલ, ભરતભાઈ રસોઈયા, અશોક લુહાર, અર્જુન લુહાર, રાકેશ ત્રિવદિ, વિમલ ભાવસાર, સંજય રાવલ, નયન પટેલ, જતિન જયસ્વાલ, મહિપાલ સિંહ, રાકેશ ગોસ્વામી, સંદિપ ગોસ્વામી, શૈલેશ ભાટિયા વગેરેની રાત દિવસની મહેનતથી શક્ય બનેલ.